ડેમમાંથી 7 કરોડ ગુજરાતીઓને 133 દિવસ ચાલે એટલું અને ભરૂચના લોકોને 15 વર્ષ ચાલે તેટલું પાણી છોડી દેવાયું

17 લાખ લોકોને 5482 દિવસ ચાલે તેટલું પાણી 96 કલાકમાં છોડાયું

» નર્મદા ડેમમાં વપરાયેલા કોન્ક્રીટથી 27 જેટલા બુર્જ ખલીફાનું નિર્માણ થઈ શકે » સરદાર સરોવર નર્મદા ડેમ બનાવવા વપરાયેલા કોન્ક્રીટથી પૃથ્વીથી ચંદ્ર સુધી 3.84 લાખ કિલોમીટર લાંબો RCC નો રસ્તો બનાવી શકાય » ડેમમાં 30 દરવાજા, એક દરવાજાનું વજન 450 ટન, એક દરવાજો 150 હાથીના વજન બરાબર

ભરૂચ : સરદાર સરોવર નર્મદા ડેમના 15 દરવાજામાંથી 96 કલાકમાં ભરૂચમાંથી પસાર થતી નર્મદા નદીમાં 1.95 લાખ લિટર પાણી છોડાયું હતું.

ઈજનેરી કૌશલ્યનો શ્રેષ્ઠ ઉદાહરણરૂપ કેવડીયાનો સરદાર સરોવર નર્મદા ડેમ ગણી શકાય. જેમાં વપરાયેલા કોન્ક્રીટથી 27 જેટલા બુર્જ ખલીફાનું નિર્માણ થઈ શકે છે. સરદાર સરોવર નર્મદા ડેમ બનાવવા માટે 6.8 મિલિયન ક્યુબિક મીટર કોન્ક્રીટનો ઉપયોગ થયો છે.

જેનાથી પૃથ્વીથી ચંદ્ર સુધી 3.84 લાખ કિલોમીટર લાંબો RCC નો રસ્તો બનાવી શકાય છે. આ ડેમમાં 30 દરવાજાઓ લગાવેલા છે. એક દરવાજાનું વજન 450 ટન છે. જે એક દરવાજો 150 હાથીના વજન બરાબર છે. તેની પાણી છોડવાની ક્ષમતા 30.70 લાખ ક્યુસેક છે.

નર્મદા ડેમમાંથી 4 દિવસમાં 50 હજારથી 3.95 લાખ ક્યુસેક મહત્તમ પાણી 15 દરવાજા ખોલી છોડાયું હતું. ક્યુસેક એટલે પ્રતિ સેકન્ડે વહેતું 28.317 લિટર પાણી. જે જોતા 96 કલાકમાં ડેમના 15 ગેટમાંથી 1.95 લાખ કરોડ લિટર જેટલું પાણી નર્મદા નદીમાં વહ્યું. જે જોતા 4 દિવસમાં ડેમ 31 મીટર ભરાઈ તેટલું 1957 મિલિયન ક્યુબીક મીટર પાણી 2250 હાથીની ક્ષમતા ધરાવતા 15 દરવાજામાંથી સલામત નદીમાં છોડી દેવાયું હતું.

ડેમમાંથી વહેલું આ પાણી 7 કરોડ ગુજરાતની પ્રજાને 133 દિવસ ચાલે એટલું અને ભરૂચ જિલ્લાના 17 લાખ લોકોને દૈનિક 210 લિટર લેખે 5482 દિવસ એટલે કે 15 વર્ષ ચાલે એટલું પાણી છોડવામાં આવ્યું હતું.

સોનગઢમાં સાસુને બેરહેમીથી માર મારનાર જમાઈ સહિત બે વિરૂદ્ધ ગુનો

વ્યારાઃ સોનગઢનાં ચિમેર ગામે કારભારી ફળિયામાં સાધનાબેન કોંકણીનાં પતિ પોતાનાં દીકરા સાથે ટુ-વ્હીકલર લઈ ચીમેર ગામે દૂધ ભરવા ગયા હતા. ત્યારે પોતે ઘરે એકલા હતા, તે વખતે મો.સા. ઉપર આવેલ ત્રણ ઈસમોમાં જમાઈ વિવેક વિનોદ ગામીત, તેનો નાનો ભાઈ વિશાલ ગામીત તથા અજાણ્યો ઈસમે તમે અમારા લગ્નમાં મળેલી ભેટ તથા સાધન સામગ્રી કેમ લઈ આવેલા છે? તેમ કહેતા સાસુ સાધનાબેને તમારું અને મારી દિકરી અમિયાબેન વચ્ચે ઘર કંકાસ રહેતા સમાજ રાહે આગેવાનો ભેગા થઈ બંનેની સહમતિથી અલગ થતાં છોકરીને લગ્નમાં આપેલી ભેટ તથા સાધન સામગ્રીઓ લઈ આવી છું. એવું કહેતા વિવેકે ઉશ્કેરાઈ સાસુ સાધનાબેનને લાતો મારી, વાળ પકડી ખાટલા સાથે માથું અથડાવતા કપાળના ભાગે ઈજા થઈ હતી. ગર્ભાશયના ઓપરેશન વખતે લીધેલા ટાંકાવાળી જગ્યાએ લાત મારવાથી પણ લોહી નિકળતા તેમને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે વિનોદ ગામીત અને વિશાલ ગામીત બંને વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

ફોટો સ્ટોરી

અંકલેશ્વરની શાળાઓમાં રક્ષાબંધનની ઉજવણી

અંકલેશ્વર, ભરૂચ : રક્ષાબંધનના તહેવાર પૂર્વે અંકલેશ્વર GIDC સહીત તાલુકાની સ્કુલોમાં તમામ બાળકોએ રાખડી બાંધીને મોઢું મીઠુ કરાવ્યું હતું. અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલયમાં તમામ વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. બહેનોએ ભાઈઓને અબીલ-ગુલાલનું તિલક કરીને અને મોઢું મીઠુ કરાવીને રાખડી બાંધતા પરસ્પર સ્નેહના ભાવુકનાં દ્રશ્યો જોવા મળ્યા હતા. સાથે અંકલેશ્વરના નવા બોરભાઠામાં તક્ષશિલા વિદ્યાલયમાં પૂર્વ-પ્રાથમિક વિભાગના બાળકોએ રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી. અંકલેશ્વર પી પી સવાણી સ્કુલ ગુજરાતી માધ્યમમાં રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભાઈ બહેનના સ્નેહના પવિત્ર પર્વ એવા રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન પર્વની ઉજવણીની શરૂઆત શાળાના સારસ્વત બહેનોએ સારસ્વત ભાઈઓને કુમકુમ તિલક કરી રાખડી બાંધીને મોઢું મીઠુ કરાવ્યું હતું.

સ્વદેશી લાગણીઓ સાથે સરદાર કન્યા વિદ્યાલયમાં રક્ષાબંધનની ઉજવણી

બારડોલીઃ સરદાર કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ, શિક્ષકો, સ્વરાજ આશ્રમ અને મુકુલ ટ્રસ્ટના સભ્યોએ આ વર્ષે રક્ષાબંધનના પર્વની અનોખી અને સાત્વિક રીતે ઉજવણી કરી હતી. નિરંજનાબાના માર્ગદર્શન હેઠળ સૌએ ચરવડા ચક્ર રેટિયા પર જાતે સૂતર કાંતીને તેમાંથી રાખડીઓ બનાવી હતી. આ પ્રસંગે, વિદ્યાર્થીનીઓ અને સ્વજનોએ સાથે મળીને લાગણીભર્યા વાતાવરણમાં સુંદર ગીતો ગાઈને સમગ્ર માહોલને ભક્તિમય બનાવ્યો હતો. જાતે કાંતેલા સૂતરમાંથી બનેલી આ રાખડીઓ માત્ર એક દોરો ન રહેતા, તેમાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને લાગણીઓના તાણા-વાણા પણ ગુંથાયા હતા. આ રાખડીઓ બાંધતી વખતે ભાઈ-બહેનના સંબંધો એક અનોખા અને સાત્વિક ભાવ સાથે જોડાયેલા રહ્યા હતા. સરદાર કન્યા વિદ્યાલયમાં છેલ્લા 60 વર્ષથી નિરંજનાબા દ્વારા જાળવી રાખવામાં આવેલી આ પરંપરા ખરેખર પ્રશંસનીય છે. આ પ્રવૃત્તિ દ્વારા માત્ર રક્ષાબંધનની ઉજવણી જ નહીં, પરંતુ ગાંધીજીના સ્વદેશી અને આત્મનિર્ભરતાના સિદ્ધાંતોનું પણ પાલન થાય છે. આ પવિત્ર ઉજવણીના સાક્ષી બનવું એ સૌ માટે એક લહાવો હતો. આ આયોજનથી સૌના હૃદયમાં ભાવવિભોર લાગણીઓ જાગી હતી.

તરસાડીની કોલેજમાં ફાયરલેસ કુકિંગ સ્પર્ધાનું આયોજન

હથોડા : તરસાડી ખાતે આવેલી આદર્શ કેળવણી મંડળ સંચાલિત સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આજરોજ વિદ્યાર્થીઓને ફાયરલેસ કોકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયકો તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરોથી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ વિજેતા ટીમ એફવાય બીએસસી (૧) શેખ શીફા (૨) શેખ માહી (૩) રાણા આયુષી, એમએસસી પાર્ક 2 માં (૧) પાઠક રૂપાલી(૨) વસાવા આરતી (૩)નાયક માધવી અને તૃતીય વિજેતા ટીમમાં (૧) શેખ રૂપૈચા (૨)શેખ ફાયઝા (૩)પટેલ પ્રાચી વિજેતા થયેલા હતા. ભાગ લેનાર વિદ્યાર્થીઓને આચાર્ય અને સ્ટાફ વતી અભિનંદન પાઠવ્યા હતા.

સોનગઢ- વ્યારામાંથી પકડાયેલી ઓવરલોડ ટ્રકોના માલિકને ૪ લાખનો દંડ

વ્યારા : વ્યારા- સોનગઢમાં રોયલ્ટી ચોરી કરનારા માફિયાઓનો રાફડો ફાટી નિકળ્યો છે. રાત્રી દરમ્યાન ભુસ્તર વિભાગની કચેરી બંધ થતાની સાથે જ માટી- ઓવરલોડ માફિયાઓનો રાફડો ફાટી નિકળે છે ત્યારે રાત્રી દરમ્યાન બેઅંકુશ થયેલા માટી-રેતી માફિયાઓ સામે ગત રાત્રીએ સુરતની ફ્લાઈંગ સ્કોર્ડની ટીમે વોચ ગોઠવતા ઓવરલોડ ચાર ટ્રકો ઝડપાઇ ગઈ હતી. સોનગઢ- વ્યારામાંથી ઓવરલોડ એમ- સેન્ડ ભરીને જતી ચાર ટ્રકોમાં DD 01 K 9111, DD 01 J 9034, AS 02 DC 6613ને સુરત ફ્લાઈંગ સ્કોર્ડની ટીમે ઝડપી પાડી હતી. જેમાં આશરે ૧ કરોડથી વધુનો જપ્ત કરેલા આ મુદ્દામાલ સામે ૪ લાખ જેટલો દંડ ફટકારવામાં આવ્યો હતો. જોકે, સોનગઢની સ્ટોન ક્વોરીમાંથી માટી ભરી બાજીપુરાનાં ઇન્ડ્રસ્ટ્રીયલ પાર્ક તરફ જતી ત્રણ ટ્રકો પણ સુરતનાં ભુસ્તર વિભાગે ઝડપી હતી. જોકે, આ મામલે શું કાર્યવાહી થઈ? તે અંગેનો કોઇએ ફોડ પાડ્યો નથી.

સિધ્ધનાથ મહાદેવ મંદિર જતાં પદયાત્રી માટે ચાર હજાર લસ્સીનાં ગ્લાસનું વિતરણ

સાયણ : ઓલપાડ તાલુકા કરમલા ગામ સ્થિત સુંદરમવિલા સોસાયટીનાં રહીશો દ્વારા સિધ્ધનાથ મહાદેવ મંદિર જતાં પદયાત્રી માટે ચાર હજાર જેટલાં લસ્સીનાં ગ્લાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરિયાઈ પટ્ટીએ આવેલા પૌરાણિક સિધ્ધનાથ મહાદેવ મંદિર ખાતે દર સોમવારે હજારોની સંખ્યામાં કાવડયાત્રીઓ તથા પદયાત્રીઓ ખૂબજ આસ્થાપૂર્વક શિવજીનાં દર્શનાર્થે આવતાં હોય છે, જેમનાં માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી તાલુકાનાં કરમલા ગામ સ્થિત સુન્દરમવિલા સોસાયટીનાં રહીશો મોન્ટુભાઈ, ધર્મેશભાઈ, હરિકૃષ્ણભાઈ, અંકેશભાઈ, વિમલભાઈ, ઘનશ્યામભાઈ, ગુનુભાઈ, દિલીપસીંગ, રાજુભાઈ, દિવ્યેશભાઈ, હિતેશભાઈ, ઉષાબેન, નિકિતાબેન, શ્રધ્ધાબેન, જ્યોત્સનાબેન સહિત અન્ય મિત્રો દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જય ભોલેનાં નાદ સાથે ભક્તિભાવપૂર્વક ચાર હજાર જેટલાં લસ્સીનાં ગ્લાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. સદર યજ્ઞકાર્યમાં સુંદરમવિલા સોસાયટીનાં રહીશો ઉપરાંત સોસાયટીનાં અગ્રણી મુકેશભાઈ મારવાડી, સામાજિક કાર્યકર અને માજી સરપંચ ઘનશ્યામભાઈ પટેલ તેમજ આગેવાનો મોડી રાત સુધી ખડેપગે રહ્યાં હતાં. આ તકે સૌએ સદર સેવા શિવકૃપાથી અવિરત ચાલુ રહેશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

તડકેશ્વરની કંપનીમાંથી કોપર વાયર ચોરનાર પાંચ ઝડપાયા

પોલીસે માંગરોલ, માંડવીના શખ્સોને ઝડપી 1,95,200નો મુદ્દામાલ જપ્ત કર્યો

ઈલ્યાસ શેખ

પલસાણા : સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) એ માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા તડકેશ્વર ગામની સીમમાં આવેલી કોસ્મિક પી.વી. પાવર પ્રા. લિ. કંપનીમાંથી કોપર વાયરની ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો છે અને આ ગુનામાં સંડોવાયેલા પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસને ખાનગી બાતમીદાર મારફતે માહિતી મળી હતી કે શિવલાલ રાજભર તેના મિત્રો સાથે મળીને એક કંપનીમાંથી કોપર વાયરનો જથ્થો ચોરી કરીને વેચાણ કરવા જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તડકેશ્વર ગામની સીમમાં નહેર કોલોની પાસે દરોડો પાડ્યો હતો અને આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસે શિવલાલ શબીલાશ રાજભર (ઉંમર 23, રહે. 425, ગોકુલધામ સોસાયટી, તરસાડી ગામ, તા. માંગરોલ, જી. સુરત), અંકિત ગુલાબ રાજભર (ઉંમર 21, રહે. 115, ગોકુલધામ સોસાયટી, તરસાડી ગામ, તા. માંગરોલ, જિ. સુરત), આનંદ રાકેશ ભારદ્વાજ (ઉંમર 26, રહે. 111, માધવ કોમ્પ્લેક્સ, તડકેશ્વર ગામ, તા. માંગરોલ, જી. સુરત), ગોવિંદ લલ્લન રાજભર (ઉંમર 23, રહે. 111, માધવ કોમ્પ્લેક્સ, તડકેશ્વર ગામ, તા. માંગરોલ, જિ. સુરત), કૃષ્ણમોહનસિંગ સુદર્શન યાદવ (ઉંમર 36, રહે. તડકેશ્વર માધવ શોપિંગ સેન્ટર, રૂમ નં-111, તા. માંડવી, જિ. સુરત) ની ધરપકડ કરી હતી. જ્યારે આરોપીઓ પાસેથી કુલ રૂપિયા 1,95,200નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં 170 કિલોગ્રામ ચોરી કરેલ કોપર વાયર, જેની કિંમત રૂપિયા 1,70,000, પાંચ મોબાઈલ ફોન, જેની કિંમત રૂપિયા 25,000, રોકડા રૂપિયા 200નો સમાવેશ થાય છે.

ઉમલ્લાના વેપારીને રાયસીંગપુરા સરપંચના પુત્ર અને સાથીઓએ ફટકાર્યાનો આરોપ

ઉમલ્લા પોલીસે રાજકીય દબાણ હેઠળ સામાન્ય ફરિયાદ દાખલ કરીને સંતોષ માન્યો

BTPમાંથી ભાજપમાં આવેલા પ્રકાશ દેસાઈ સામે સાંસદ મનસુખ વસાવાનું સીધું નિશાન, CMને પત્ર લખ્યો

ભરૂચ : ભરૂચના ઉમલ્લાના વેપારી મુકેશ શાહ અને પરિવાર પર થયેલા હુમલા બાદ પોલીસની ઢીલી કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટનામાં રાયસીંગપુરાના સરપંચના પુત્ર શનાભાઈ વસાવા અને તેમના સાથીઓએ વેપારીને લાકડીના સપાટાથી માર માર્યો હોવાનો આરોપ છે. આ મામલે ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા છતાં, રાજકીય દબાણ હેઠળ સામાન્ય ફરિયાદ દાખલ કરીને સંતોષ માન્યો હોવાનું વેપારી પરિવારે જણાવ્યું છે.

આ ઘટનાના વાઈરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, વેપારી મુકેશ શાહને બચાવવા પત્ની મેનકાબેન દોડી આવ્યા હતા. આખી ટોળકી તેઓને મારવાની ફિરાકમાં હતા. ઉગ્ર વાતાવરણમાં મેનકાબેને ફરિયાદ કરવાનું કહ્યું તો તેને ગાળ બોલી થાય તે કરી લેવાની ધમકી આપી હતી. શના વસાવાએ તમે મારું ફ્રીજ બદલી આપતો નહીં તો ચારેવને જાનથી મારી નાખીશ એવી ધમકી આપીને જતો રહ્યો હતો.

મળતી માહિતી મુજબ, ફ્રીઝની લેવડદેવડ બાબતે થયેલા ઝઘડામાં શના વસાવા, જે પ્રકાશ દેસાઈના ડ્રાઈવર તરીકે ઓળખાય છે, તેણે સાથીઓ સાથે મુકેશ શાહની દુકાને જઈને હુમલો કર્યો હતો. આ ઘટના બાદ વેપારીઓએ તાત્કાલિક ઉમલ્લા પી.આઈ.ને જાણ કરી, જ્યારે બીજા દિવસે પાંચથી છ કલાક સુધી પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખ્યા બાદ શના વસાવા સામે ગુનો નોંધ્યો હતો.

આ મુદ્દે ભરૂચના MP મનસુખ વસાવાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લેખિતમાં રજૂઆત કરી હતી કે આ ઘટનામાં પ્રકાશ દેસાઈના દબાણ હેઠળ પોલીસ કાયદેસરની કાર્યવાહી કરતી ન હોવાનો આરોપ પણ વેપારીઓએ લગાવ્યો છે. પ્રકાશ દેસાઈ 'જનતા કા રાજ' નામના સંગઠન સાથે સંકળાયેલા છે, જેમના સભ્યો કાર્યક્રમો અને પ્રસંગોમાં મોટી સંખ્યામાં બાઈકો લઈને પહોંચીને પ્રજાને હેરાન કરે છે. ભૂતકાળમાં પણ આ સંગઠનની ગતિવિધિઓ અંગે ભરૂચના ડી.એસ.પી.ને જાણ કરી હતી. જોકે, રાજકીય પીઠબળને કારણે આ સંગઠન સામે કોઈ કડક કાર્યવાહી થઈ શકી નથી. વેપારીઓએ આ મામલે ઝઘડિયાના ધારાસભ્ય રીતેશ વસાવાને રજૂઆત કરી પરંતુ તેમના તરફથી પણ કોઈ મદદ મળી ન હતી. આખરે, મુકેશ શાહ અને પરિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવીને રક્ષણની માંગણી કરી છે. તેમણે શના વસાવા જેવા માથાભારે તત્ત્વો સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાય અને ન્યાય મળે તેવી રજૂઆત કરી હતી.

બારડોલીમાં બાઈક ધીમે ચલાવવાનું કહેવા જતા એક વ્યક્તિની હત્યા

બાઇક ચાલકોએ હુમલો કરતા બારડોલીના જ્વેલર્સનું મોત નિપજ્યું

બારડોલી : બારડોલીના ધુલિયા ચાર રસ્તા પાસે બાઈક ચાલક ત્રણ શખ્સોને ધીમે ચલાવવાનું કહેતા ઉશ્કેરાઈ ગયેલા બાઈક ચાલકોએ એક કારમાં સવાર ત્રણ વ્યક્તિઓને માર માર્યો હતો. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજતા પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલીના ગાંધી રોડ પર આવેલી આવેલી એક સોસાયટીના રહેતા સુફિયાન રહેમાન શેખ (ઉં.વ. ૪૭) જ્વેલર્સના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. શુક્રવારે રાત્રે તેઓ તેમના મિત્ર સલીમ અબ્દુલ રજાક હાફેજી (ઉ.વ.૫૦), અને સૈયદ જમીલ અંજુમ (ઉ.વ.૬૫) તેમની કારમાં ધુલિયા ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા તે સમયે એક બાઈક પર ત્રણ બાઈક સવારો ઓવરટેક કરવા જતા કારની આગળ આવી ગયા હતા. ત્યારે કાર ચાલક સૈયદ જમીલ અંજુમને મોપેડ ચાલકને ધીમે ચલાવવા કહ્યું હતું. આથી ઉશ્કેરાયેલા બાઈક સવાર શખ્સોએ કારમાં સવાર ત્રણેયને માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમ્યાન સુફિયાન શેખને છાતીના ભાગમાં ગંભીર ફટકો વાગતા તે બેભાન થઈને ઢળી પડ્યા હતા.

ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક બારડોલીની સરદાર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે સુફિયાન શેખને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ બારડોલીના મુસ્લિમ સમાજના અગ્રણીઓ બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલ પહોંચી ગયા હતા. હુમલો કરનાર શખ્સો બારડોલી તાલુકાના નિઝર ગામના હોવાનું જાણવા મળે છે. પોલીસે હાલ પૂછપરછ કરી ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

કામરેજ પાસે એપાર્ટમેન્ટના પાંચમા માળેથી પટકાતા 18 વર્ષીય રત્નકલાકારનું મોત

રૂમ પર ભાઈને મિત્રને મળવા જવાનું કહીને નીકળ્યા બાદ કોઈ સગડ મળ્યા નહીં તો ભાઈની ચિંતા વધી હતી

વતન ભાવનગરથી પિતાએ ફોન કરીને કહ્યું કે તારા ભાઈનું અકસ્માતમાં મોત થયું છે, ઘટના અંગે રહસ્ય

કામરેજઃ ભાવનગરથી પેટીયુ રળવા આવેલા બે ભાઈ પૈકી એક ભાઈનું કામરેજ ગામ પાસે વેદનગરી સોસાયટીમાં વ્રજવિલા એપાર્ટમેન્ટના પાંચમાં માળેથી પટકાતા મોત નીપજ્યું હતું.

મૂળ ભાવનગર જિલ્લાના અખેગઢ ગામના વતની અને હાલ પુણા ગામ નંદનવન સોસાયટીમાં રહેતા અશોક કાનજીભાઈ પરમાર અને નાનોભાઈ અસીત પરમાર (ઉ.વ.18) હીરા ઘસવાની મજુરી કરતાં હતા. તેમના માતા-પિતા એક ભાઈ અને બે બહેન વતનમાં રહે છે. ગુરુવારે રોજ બંને ભાઈ નિત્યક્રમ મુજબ હીરાની મજુરી કરવા માટે અલગ અલગ કારખાનામાં ગયા હતા. રાત્રેના 8.00 કલાકે બંને ભાઈ પરત આવી સંબંધીને ત્યાં પોતાની રૂમ પર જતાં રહ્યા હતાં. અસીત મિત્ર પાસે જાઉં છું તેમ કહીને ગયો હતો. રાત્રે અસીત રૂમ પર નહીં આવતા ફોન કર્યો તો રચના સર્કલ પાસે છું, એવું કહેતા અશોક મિત્ર સાથે ભાઈને રચના સર્કલ પાસે શોધવા માટે ગયા હતાં. પરંતુ અસીત ત્યાં મળ્યો નહતો અને ફોન પણ રીસીવ નહીં કરતાં ચિંતા પેંઠી હતી. દરમિયાન થોડીવારમાં વતનમાં રહેતા પિતાએ ફોન કરીને અશોકને જણાવ્યું હતું કે કામરેજ પાસે વેદનગરી સોસાયટીમાં વ્રજવીલા એપાર્ટમેન્ટના એ બિલ્ડીંગના પાંચમાં માળેથી રાત્રેના 11.30 કલાકે નીચે પટકાતા અસીતને માથા તેમજ શરીરે ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મિલમાં કામ કરતા શ્રમિકનું રહસ્યમય મોત

પલસાણાઃ પલસાણાના વાંકાનેડા ગામની સીમમાં આવેલી કિર્તીપ્રદા મિલમાં કામ કરતા એક 56 વર્ષીય શ્રમિકનું મૃત્યુ થયું છે. મૃતક તુલા સાહ લક્ષ્મી સાહ સોની (મૂળ બિહાર) ગુરુવારે બપોરે મિલમાં કામ કર્યા બાદ આરામ કરી રહ્યા હતા. જ્યારે તેમના સહકર્મીઓ તેમને જગાડવા ગયા, ત્યારે તેઓ ઉઠ્યા ન હતા અને તેમની તબિયત સારી ન હોવાનું જણાયું હતું. તુરંત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી અને તુલા સાહને સંજીવની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટર દ્વારા તેમને તપાસીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્ર મિથુન તુલા સાહ સોનીએ કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે અ.મોતનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કઠોદરા પંચાયતની બેદરકારી : માટીના ઢગલાંથી વાહનો પસાર કરવા ચાલકો મજબૂર

કિરણ ઢોડિયા

કિમ : ઓલપાડ તાલુકાના કઠોદરા ગામે પંચાયતની ઘોર બેદરકારી સામે આવી છે. લગભગ 15 દિવસ પહેલાં પંચવટી સોસાયટી પાસે ગટર લાઈન નાખવાનું કામ શરૂ થયું હતું. આ દરમિયાન JCBના પાવડાથી ગેસ લાઈનને નુકસાન પહોંચતાં ગેસ લીકેજની પરિસ્થિતિ ઊભી થઈ હતી. જોકે સદનસીબે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી. આ ઘટના બાદ પણ ગટર લાઈનનું કામ હજુ અધૂરું છે. જ્યાં ગટર લાઈનના કામના સ્થળે આજુબાજુ મોટી માત્રામાં માટી નાખી દેવાઈ છે, જેને કારણે રસ્તા પર મોટા ઢગલા ઊભા થઈ ગયા છે. જેના કારણે ખાસ કરીને ફોર વ્હીલર વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

શેર બજારમાં હારી જતા યુવાન ચેઈન સ્નેચિંગના રવાડે ચઢી ગયો

અંકલેશ્વરની ગંગા જમના સોસાયટીમાં થયેલી ચેઇન સ્નેચિંગના આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

અંકલેશ્વર, ભરૂચ : અંકલેશ્વરની ગંગા જમના સોસાયટી માંથી રાહદારી મહિલાના ગળામાંથી થયેલી સોનાની ચેઇનથી તફડચીની ઘટનાનો ભેદ ગણતરીના સમયમાં ઉકેલાય ગયો હતો. ભરૂચ ક્રાઇમ બ્રાન્ચની ટીમે રીઢા ચેઇન સ્નેચરને ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વરની ગંગા જમના સોસાયટીના પીપળેશ્વર મહાદેવ મંદિર નજીક દર્શનાર્થે જતી મહિલાના ગળામાંથી બાઈક ઉપર આવેલો ઈસમ સોનાની ચેઈન તોડી પલાયન થઈ ગયો હતો. ભરૂચ ક્રાઇમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે આ ચેઇન સ્નેચિંગની ઘટનામાં અગાઉ ચેઇન સ્નેચીંગમાં પકડાયેલો સંદીપ વાલજીભાઈ ભાનુશાલી સંડોવાયેલો છે. જે હાલમાં અંકલેશ્વર જી.આઈ. ડી.સી.માં હોવાની બાતમીના આધારે પોલીસે ત્યાં જઈ ઝડપી લીધો હતો. જેની પુછપરછમાં તેણે કબુલાત કરી હતી કે, તે શેરબજારમાં પૈસા હારી જતા પૈસા મેળવવા માટે ચેઇન સ્નેચિંગ કરવાનું નક્કી કરી પકડાઇ ન જાય તેથી પોતાની બાઇકની નંબર પ્લેટ (જીજે -16-ડી.ઈ. -9505) કાઢી તેની જગ્યાએ (જીજે -16-5914)ની પ્લેટ લગાવી હેલ્મેટ પહેરીને ગંગા જમના સોસાયટી પાસે મહાદેવ મંદીર પાસે રસ્તા પર એક મહીલાના ગળામાંથી સોનાનું મંગલસુત્ર ઝુંટવીને બાઇક પર ભાગી ગયો હતો. ત્યારબાદ ફરીથી બાઇકની અસલ નંબર પ્લેટ લગાવી લીધી હતી. પોલીસે તેની અટકાયત કરી અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને વધુ કાર્યવાહી માટે સોંપ્યો હતો. આરોપી સંદીપ ભાનુશાલી ભડકોદ્રાની આશીર્વાદ સોસાયટીમાં રહે છે અને આ અગાઉ તેની ભરૂચ શહેરમાંથી પાંચથી છ જેટલી ચેઇન સ્નેચિંગની ઘટનામાં સંડોવણી હોવાનું બહાર આવ્યુ હતું.